International Year of Cooperatives 2025

# કિસાન જ્યોત

## ખેડૂત માર્ગદર્શીકા

### હવામાન આગાહી આધારીત જૂનાગઢ જીલ્લાના ખેડૂતો માટે કૃષિ વિષયક માહિતી

| હવામાન પરિબળો | હવામાન આગાહી આગામી પાંચ દિવસ (તારીખ :- 19 થી 23 નવેમ્બર, 2025) | | | | |
|---|---|---|---|---|---|
| તારીખ | ૧૯/૧૧ | ૨૦/૧૧ | ૨૧/૧૧ | ૨૨/૧૧ | ૨૩/૧૧ |
| વરસાદ (મિમી) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે) | ૩૦ | ૩૦ | ૩૧ | ૩૧ | ૩૨ |
| લઘુત્તમ તાપમાન (સે.ગ્રે) | ૧૨ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૪ |
| વાદળની સ્થિતિ | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું | ચોખ્ખું | મોટેભાગે ચોખ્ખું |
| સવારના ભેજના ટકા | ૮૦ | ૭૦ | ૭૦ | ૭૦ | ૭૫ |
| બપોર બાદના ભેજના ટકા | ૨૦ | ૨૦ | ૨૫ | ૨૫ | ૩૦ |
| પવનની ગતિ (કિમી-કલાક) | ૧૩ | ૧૧ | ૧૦ | ૧૧ | ૯ |
| પવન દિશા | ૫૧ | ૫૦ | ૪૬ | ૪૮ | ૪૫ |

## હવામાન આધારિત માહિતી

ભારત સરકારશ્રી ના હવામાન વિભાગ તરફથી મળેલ હવામાન આગાહીની માહિતી અનુસાર જૂનાગઢ કૃષી યુનીવર્સીટી, જૂનાગઢ તરફથી જણાવવામાં આવે છે કે દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના જૂનાગઢ જીલ્લામાં આગામી તારીખ **૧૯** થી **૨૩** નવેમ્બર દરમ્યાન આકાશ ચોખ્ખું રહેશે, જીલ્લામાં આગામી પાંચ દિવસ દરમ્યાન વરસાદની શક્યતાઓ નથી. પવનની ઝડપ **૯** થી **૧૩** કિમી પ્રતિ કલાક રહેવાની શક્યતાઓ રહેશે. આ સમયગાળામાં મહત્તમ તાપમાન **૩૦-૩૨** ડીગ્રી સેન્ટીગ્રેડ રહેશે તેમજ લઘુત્તમ તાપમાન **૧૨-૧૪** ડીગ્રી સેન્ટીગ્રેડ રહેવાની સંભાવનાઓ છે

# સાવચેતીના પગલા

- ઉભા પાકમાં જીવાત અને રોગના લક્ષણો માટે નિયમિત નિરીક્ષણ કરો અને ભલામણ કરેલા નિયંત્રણ ઉપાયો અમલમાં મૂકો. જરૂર પડે ત્યારે નજીકની કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સલાહ લો
- હવામાનના અનુમાનને ધ્યાનમાં રાખી તમામ ખેતીની કામગીરી સમયસર પૂર્ણ કરવી
- પાકની અવસ્થાને અનુરૂપ ફૂગનાશક, કીટનાશક અને ખાતરનો યોગ્ય પ્રમાણમાં છંટકાવ કરવો
- ચોખ્ખાં અને શુષ્ક હવામાનમાં પાકેલ ચોમાસું પાકની કાપણી કરો, ઉત્પાદનને સારી રીતે સુકવીને સંગ્રહ કરવો
- આગામી શિયાળું પાકોના વાવેતર માટે ખેત આયોજન તૈયાર કરવુ
- સમયસર શિયાળુ વાવેતર માટે પ્રમાણિત બીજ, ખાતર અને જરૂરી ઈનપુટ અગાઉથી સંગ્રહિત રાખો
- ખેતરમાંથી નિંદણ અને જીવાતો તથા રોગોને આશ્રય અપાવતા અવશેષો દૂર કરીને ખેતરની સ્વચ્છતા જાળવો
- પાકેલા ઉત્પાદનનું નુકસાન ટાળવા માટે ભંડારગૃહોની સારી રીતે સફાઈ કરો અને પૂરતી હવા ફરતી રહે તેવા પ્રબંધ કરો

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-જૂનાગઢ ના દૈનિક ભાવ તેમજ માહિતી રોજેરોજ મેળવવા માટે નીચે આપેલ લોગો ઉપર ક્લીક કરી અમારા એકાઉન્ટ ને ફોલો કરો**

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| ચોમાસું મગફળી | ડોડવા પરિપક્વ | | ➤ દેહધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણીની કામગીરી કરવી |
| ઘંઉ | જમીન તૈયારી વાવેતર | ઉધઈ | ➤ ઘઉંના વાવેતર માટે ખેત આયોજન કરવુ મુજબ બીયારણ, ખાતર અને દવાનો પુરવઠો મેળવી લેવોઅને પીયતની સગવડને ધ્યાનમાં લઈ પાકનુ વાવેતર કરવુ<br>➤ ઉધઈનો ઉપદ્રવ ઘટાડવા અગાઉના પાકના અવશેષો, પાંદડાં, મૂળ, ડાળીઓનો નાશ કરવો<br>➤ સારુ કહોવાયેલુ છાણિયું ખાતર વાપરવું. ખાતર તરીકે દિવેલા, લીંબોળી, કરંજ વગેરેના ખોળનો ઉપયોગ કરવો<br>➤ ઘઉંના પાક માટે બીયારણનો જથ્થો ૧૦૦ થી ૧૨૫ કી.ગ્રા પ્રતિ હેક્ટર અને વાવેતર સમયે પાયામાં રાસાયણીક ખાતર ૧૩૦ કીગ્રા. ડીએપી અને ૧૦૫ કી.ગ્રા. યુરીયા પ્રતિ હેક્ટર આપવુ<br>➤ ૧૦૦ કિ.ગ્રા. બિયારણ દીઠ બાયફેન્થ્રીન ૧૦ ઈસી ૨૦૦ મિ.લિ. અથવા ફીપ્રોનીલ ૫ એસસી ૬૦૦ મિ.લિ. અથવા ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૪૦૦ મિ.લિ. ૫ લિટર પાણીમાં મિશ્રણ કરી પટ આપવો |
| કપાસ | ફૂલ જીંડવા આવવા વિકાસ | ગુલાબી ઇયળ લીલા તડતડીયા પાનના ટપકા | ➤ પાકને જરૂરિયાત મુજબ પિયત આપવાની કામગીરી કરવી<br>➤ ફૂલ અવસ્થાથી ગુલાબી ઇયળની મોજણીની શરૂઆત કરવી. જો છોડ પર બંધ પાંખડીવાળા ફૂલ જોવા મળે તો એને વીણી લઇ તેનો નાશ કરવો<br>➤ એક એકર વિસ્તાર માંથી ૨૦ લીલા જીંડવા તોડી ગુલાબી ઇયળની ક્ષમ્યમાત્રાની ચકાસણી કરવી<br>➤ ગુલાબી ઇયળની ક્ષમ્યમાત્રા, ૧૦% નુકશાન કરેલ ફૂલ અથવા ૧૦% નુકશાન કરેલ જીંડવા અથવા ૮ નર ફૂદા પકડાયેલા/ટ્રેપ/રાત્રી સતત ૩ દિવસ માટે છે<br>➤ જો ગુલાબી ઇયળ ક્ષમ્યમાત્રા વટાવે તો, થાયોડીકાર્બ ૭૫ ડબ્લ્યુ. પી. ૨૦ ગ્રામ અથવા ક્વીનાલફોસ ૨૦ એ. ફ. ૨૦ મી.લી./૧૦ લીટર પાણીમાં ભેળવી પાક પર છંટકાવ કરવો<br>➤ બર્ડ પર્સીસ ગોઠવવા<br>➤ ખરેલા ફૂલ, ચાંપવા અને જીંડવાને એકત્રિત કરી નાશ કરવો |

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
| --- | --- | --- | --- |
| ચણા | જમીન તૈયારી વાવેતર | સુકારો અને મૂળનો સડો | ➤ ચણાના વાવેતર માટે ખેત આયોજન કરવુ તે મુજબ બીયારણ, ખાતર અને દવાનો પુરવઠો મેળવી લેવો અને પીયતની સગવડને ધ્યાનમાં લઈ પાકનુ વાવેતર કરવુ<br>➤ જમીનની ઊંડી ખેડ કરી રોગીષ્ટ છોડ અથવા આગલા પાકના ના અવશેષોનો નાશ કરવો<br>➤ ચણાના પાક માટે બીયારણનો જથ્થો ૬૦ થી ૭૫ કી.ગ્રા પ્રતિ હેક્ટર અને પાયામા રાસાયણીક ખાતર ૮૭ કીગ્રા. ડીએપી અને ૧૦ કી.ગ્રા. યુરીયા પ્રતિ હેક્ટર આપવુ<br>➤ બીજ માવજત તરીકે કાર્બેન્ડાઝીમ ૧ ગ્રામ + થાયરમ ૨ ગ્રામ પ્રતિ કિ.ગ્રા. બીજ દીઠ પટ આપવો<br>➤ ટ્રાયકોડર્મા વિરડી ૨.૫ કિ.ગ્રા.ને ૨૫૦ કિ.ગ્રા. છાણીયા ખાતર અથવા એરંડી ખોળમાં ભેળવી વાવણી વખતે ચાસમાં આપવું |
| ધાણા | જમીન તૈયારી વાવેતર | જમીન જન્ય રોગ સુકારો | ➤ ધાણાના વાવેતર માટે ખેત આયોજન કરવુ તે મુજબ બીયારણ, ખાતર અને દવાનો પુરવઠો મેળવી લેવો અને પીયતની સગવડને ધ્યાનમાં લઈ પાકનુ વાવેતર કરવુ<br>➤ ધાણાના પાક માટે બીયારણનો જથ્થો ૧૫ થી ૨૦ કી.ગ્રા પ્રતિ હેક્ટર વાવેતર સમયે ૨.૦ ગ્રામ પ્રતિ કીગ્રા. બીજને થાઈરમ અથવા કારબેનડાન્ઝીમનો પટ આપવો અને વાવેતર સમયે પાયામા રાસાયણીક ખાતર ૬૨.૫ કીગ્રા. એસ.એસ.પી અને ૪૩.૫ કી.ગ્રા. યુરીયા પ્રતિ હેક્ટર આપવુ<br>➤ રોગ પ્રતિકારક જાતોનુ વાવેતર કરવું<br>➤ વધારે પડતું પાણી આપવું નહિ<br>➤ ૬ કિલો ટ્રાઇકોડર્માંને ૫૦૦ કિલો છાણીયા ખાતર/ હે. મુજબ ભેળવી વાવેતર સમયે જમીનમાં આપવું |

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| તુવેર | વૃદ્ધિ | શીંગોને કોરી ખાનાર અને ચુસીયા જીવાત | ➤ લીલી ઈયળના નિયંત્રણ માટે ગલગોટાનો પિંજર પાક તેમજ આંતર પાક તરીકે ઉપયોગ કરી શકાય કે જેના ફૂલો જીવાતની માદાને તેના પર ઈંડા મુકવા માટે આકર્ષે છે આવા ફૂલોને ચુંટીને નાશ કરવો<br>➤ ઈંડાનો અને નાની ઈયળોને એકત્રિત કરી નાશ કરવો<br>➤ પીળા ચીકણા પીંજરનો ૪-૫ ટ્રેપ/એકર મુજબ ઉપયોગ કરવો<br>➤ પ્રકાશ પીંજરનો ૧/એકર મુજબ ઉપયોગ કરવો<br>➤ પુખ્ત જીવાતોની મોજણી માટે ૪-૫ ફેરોમોન ટ્રેપ/એકર મુકવા જોઈએ (લ્યુર દર ૨ થી ૩ અઠવાડિયે બદલવી<br>➤ પરભક્ષી પક્ષીઓ માટે બર્ડ પર્સીસ ૨૦/એકર મુજબ મુકવા<br>➤ પાકને જરૂરિયાત મુજબ પિયત આપવાની કામગીરી કરવી |
| શાકભાજી | વૃદ્ધિ<br>ફૂલ<br>ફળ | | ➤ શાકભાજીના પાકોને નીદામણ મુકત કરવુ. શાકભાજી ને સમયસર ઉતારી ગ્રેડીંગ કરી બજારમાં મુકવા<br>➤ શાકભાજીના પાકોને નીદામણ મુકત કરવુ. શાકભાજી ને સમયસર ઉતારી ગ્રેડીંગ કરી બજારમાં મુકવા<br>➤ આગાહી સમયગાળા દરમિયાન ખેતર પરનાં બધાં ખેતકાર્યો કરવા |
| પશુપાલન | | | ➤ પશુઓને યોગ્ય આહાર આપવો પીવા માટે ચોખ્ખુંપાણી આપવું અને પશુઓના રહેઠાણ ચોખ્ખા રાખવા<br>➤ માખી મચ્છરથી રક્ષણ માટે ફીનાઈલ છાટવું<br>➤ પશુઓને યોગ્ય આહારમાં ખનિજયુક્ત મિશ્રણ સાથે સંગ્રહિત ચારા આપો. ચારા ને સલામત સ્થળે સંગ્રહિત કરવો જોઈએ<br>➤ ચારા માટે ચાફ કટર વાપરો<br>➤ પશુઓમાં ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટાઝ ૨ મીલી/ ૧ લીટર પાણીમાં નાખીને છાટવી<br>➤ દુધાળા પશુઓના આઉને ઝીંક ઓક્સાઈડ અથલા બોરીક પાવડરથી બરાબર સાફ કરવા |

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| લસણ | વૃદ્ધિ | થ્રીપ્સ | ➤ થ્રીપ્સના વ્યવસ્થાપન માટે, બ્યુવેરિયા બેસિઆના ૧.૧૫ ડબલ્યુપી નો છંટકાવ કરવો, ઉપદ્રવની શરૂઆતમાં ૦.૦૦૩૫ (૩૦ ગ્રામ/૧૦ લિટર પાણી) પ્રથમ સ્પ્રે કરો. ત્યારપછીનો બીજો ૦.૦૦૭% (૬૦ ગ્રામ/૧૦ લિટર પાણી) અને ત્રીજો ૦.૦૦૯% (૯૦ ગ્રામ/૧૦ લિટર પાણી) ૧૦ દિવસના અંતરે સ્પ્રે કરો<br>➤ ડાયમેથોએટ ૩૦ ઈસી (૧૦ મિલી/૧૦ લીટર પાણી) અથવા ક્વીનાલફોસ ૨૫ ઈસી (૨૦ મિલી/૧૦ લીટર પાણી) નો છંટકાવ કરો |
| એરંડા | વૃદ્ધિ<br>ફૂલ | લશ્કરી ઈયળ | પુખ્ત જીવાતોની પ્રવૃત્તિ પર દેખરેખ રાખવા માટે ૪-૫/એકર ફેરોમોન ટ્રેપ્સ સ્થાપિત કરવા (દર ૨-૩ અઠવાડિયા પછી લ્યુર ને બદલો<br>➤ શિકારી પક્ષીઓ જેમ કે રાજા કાગડો, સામાન્ય કોયલના વગેરેને પ્રોત્સાહિત કરવા માટે ૨૦/એકર પક્ષીઓની જગ્યા ઊભી કરવી<br>➤ પાકને નિયમિત સમયાંતરે પિયત આપવાની કામગીરી કરવી |